સામળ વિરહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ભાવનગર ઉદિશ્ય હિતેચ્છુ સભા

દોહરો.

વિદ્યા સાગર સામળે, કર્યો સ્વર્ગમાં વાસ;
વાંચો સામળ વિરહ આ, સૌ સજ્જન ધઈ પ્રાસ.

અમદાવાદ

સામાની હવેલી મધ્યે યુનાઈટેડ પ્રીન્ટીંગ અને જ-
નરલ એજન્સી કંપની લીમીટેડના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૪૦.

કીમત ચાર આના.

પ્રસ્તાવના.

આર્યો! આ ગ્રંથ, ભાવનગરના મુખ્યામાત્ય સામળદાસ પરમાનંદદાસના મરણથી અમારી સભાના કેટલાએક મેંબરોને, તેમજ ભાવનગરની રૈયતને તેમનાપર તેમની સુવિદ્યાના ગુણથી, ખરી રાજ્યભક્તિથી, અને પ્રજાને સંતોષથી વર્તાવવા લીધેલ શ્રમથી, પ્રજાહિતાર્થનાં સત કર્મ કરી, સ્વલ્પકાળમાં અતિ ઉજવલયશ સંપાદન કરી સ્વર્ગવાસ કીધાથી, થએલી દિલગીરીના અંતઃકર્ણના ઉભરાને હૃદયની અંદર સમાવી ન રાખતાં બાહાર કાહાડી થતો શોક દર્સાવવા માટે, બનાવવામાં આવેલ છે. આ પુરૂષના જન્મથી મર્ણ પર્યંતની હકીકત જુદા જુદા માણસો પાસેથી મેળવતાં એમ જણાય છે કે, ગુંણ અને વિદ્યાથી અલભ્ય લાભ પામી આ દિવાનગીરીના દરજ્જાને એઓ પોહોચ્યા. આવો બીજા માણસ દાખલો લેઈ તે પ્રમાણે વર્તવા જો કાળજી રાખે વો દુનિયામાં તેથી વિદ્વાન અને ગુંણવાન માણસની સંસ્તામાં, દાખલ થવા જેવો ગણાય. પણ તેવું જીવનચરીત્ર લખવાને અમારી બુધી સ્વલ્પ, તેથી, તેમજ જોઈતી હકીકતની સંપુર્ણ માહેતીની ખામીને લીધે, લાચાર થઈને સેહેજ સાજ જાણેલી હકીકત સંક્ષેપમાં નિવેદન કરવાને યત્ન કરેલ છે.

મરનારના પિતા ભાવનગરના મુખ્યકારભારી નામે પરમાનંદદાસ રણછોડદાસ હતા જેણે આ રાજ્યની ખરી રાજ્ય ભક્તિ, તથા એક નિષ્ટાથી નોકરી કરી હતી. પણ તે કાળે આ સંસ્થાન કર્જવાન હતું, તેમજ પગાર પણ ઘણા ટુંકા હતા, અને ખર્ચ ઘણો મોટો હતો, તેથી દિવાન પરમાનંદદાસ પાસે ઝાઝું દ્રવ્ય હતું નહીં. તે ચાર દીકરા પોતા પાછળ મૂકી ગુજરી ગયા હતા; તેમાં મરહુમ સામળદાસ સૌથી નાના હતા. આ સંસારમાં બાળકોને પોતાની માયાળુ માતા સમાન બીજું કોઈ ઘટિત રીતે લાલન પાલન કરનાર હોતું નથી, એટલે મા વિના પુત્રનું મોહોટું થવું એ વાત ઘણીજ અસંભવિત હોઈને દૈવની રક્ષા ઉપર આધાર રહે છે. તે પ્રમાણે સામળ ભાઈને માતુશ્રીનું સુ-

આ તો પોતાની નાની ઉમરમાંથી હતુંજ નહીં, તેમાં પણ વળી તાઓનું દુઃખ પડવાથી અસહ્ય દુઃખના સાગરમાં ગોથાં ખાવાનો વખત આવ્યો, એટલે કે હીંદુઓના આધુનીક કાળના ચાલ પ્રમાણે નાના દીકરાએ પિતાશ્રીનું ઉત્તર કાર્ય ઉત્તમ પ્રકારે કરવું જોઇએ તે પ્રમાણે કર્યું, જેથી પોતાને કરજવાન થવાનો વખત આવ્યો. કારણ કે પિતાના દ્રવ્યમાંથી તે વખતે કાંઈ રહ્યું નહોતું. તેઓ હંમેશાં સ્વ-પુરૂષાર્થને ઉત્તમ માની પોતાની કર્તવ્યતામાં કાંઈ ખામી ન રહેવા સદા યથોચિત કાળજી રાખતા.

આવી સ્થિતિમાં પણ તેમણે પોતાના પિતાનો માનયુક્ત દરજ્જો તેમના મૃત્યુને લીધે પોતાના ઘરમાંથી ગયો, માટે સદ્‌વિદ્યા સંપાદન કરી, પાછો તે મેળવવા, પોતાના મનમાં નિશ્ચય રાખી, ઇશ્વરને ફળદાતા ધારી, તેનાપર ખરાવિશ્વાસથી આશા રાખેલી, જે પ્રભુએ આગળ ઉપર પાર પાડી.

તેઓએ ફારશી ભાષાનો અભ્યાસ ઘણોજ વખાણવા લાયક કર્યો હતો, અને સંસકૃતભાષાનું વ્યાકરણ, કાવ્ય, નાટક આદિ સાહીત્ય ગ્રંથોનો, તેમજ વૈદકના કેટલાક ભાગનો, અને જ્યોતિષશાસ્ત્રમાંથી લિલાવતી, બીજગણિત, આદિ ગ્રંથોનો અભ્યાસ સંતોષકારક કર્યો હતો.

પોતાના સારા વખતમાં ખોટી મોટાઇ ન રાખતાં નિરાભિમાનથી ગુરૂભક્તીપર ઘણી ભાવના રાખી હતી. ચળાયમાન અધિકાર પ્રાપ્ત થયા પછી આવી સન્મતિ રહેવી એ ઓછીવાત ગણાય નહિ. કારણ કે લક્ષ્મીનો મદ, અધિકારનોમદ, સાધારણ દરજ્જો હોયછે ત્યારે પણ માણસોમાં જોવામાં આવેછે. તો આ મુખ્ય દિવાન જેવા મોહોટા દરજ્જાપર "મદ" આવે એમાં નવાઈ નહિ. છતાં પણ પોતે જ્ઞાન દ્રષ્ટીથી સમજતા કે, એવા ગુણના આચરણથી સજ્જનતા ન કહેવાતાં દુર્જનતા કેહેવાય; માટે તેવું અશુભ આચરણ પોતે નં પકડી નિંદાપાત્ર ન થવા મનમાં સજ્જડ ગાંઠ બાંધી હતી.

મરનારને (બુદ્ધિબળ) ચીતરંજની બાજી રમવાનો સારો શોખ

હતો એટલે, એ બાબતમાં પણ ઘણી સારી નિપુણતા મેળવી હતી.

એ શિવાય વ્યવહારીક જ્ઞાનને વાસ્તે, સારભૂત જેટલું કાયદાનું જ્ઞાન, હંસ જેમ દુધપાણીના યોગમાંથી દુધને ગ્રહણ કરે છે, તદ્વત ગ્રહણ કર્યું હતું. તેઓએ પ્રથમ નામદાર ઈંગ્રેજસરકારની રાજ્યસત્તામાં ભાવનગરના એક માજીસ્ટ્રેટતરીકે નોકરી કરી હતી તે પછી ભાવનગર દરબારના ઘણા જુદા જુદા ખાતાની નોકરી કરી સ. ૧૯૨૨ ની સાલથી સ. ૧૯૨૯ ની સાલસુધી ચીફજસ્ટીસનું આ સંસ્થાનનું કામ કીધું. અને તે પછી રાજ્યનો વિશેષ ભાર ઉપાડવા પોતાના શરીરની તાકાત નહિ હતી, છતાં પણ મજબુત બુદ્ધિરૂપી સ્થંભે તે ભારને એક તણવત માની ઉપાડી લીધો, અને તે વખતે નિમાએલા સરકારી યુરોપિયન ગૃહસ્થોની તેમજ મે. ગવરીશંકર ઉદયશંકરની સારી પ્રીતિ સંપાદન કરી. તેઓનો સંતોષ મેળવ્યો હતો, આથી કરી તેમને સદરહુ અધિકારિયોએ જ્યુડીશિયલજોઈન્ટ એડમીનીસ્ટ્રેટર તરીકે નીમવા ગવરમેંટમાં ભલામણ કરી હતી જે કે બાહાલ રહી. આ કામ કરતાના દરમ્યાન દીલ્લી મુકામે નામદાર માહારાણીજીએ કૈશરેહીંદનો ખીતાબ ધારણ કર્યો ત્યારે તેની લાયકીને લીધે સરકાર તરફથી એક બીલ્લો આપવામાં આવ્યો હતો, આ પછી સ. ૧૯૩૪ ની સાલમાં હાલના નામદાર માહારાજાસાહેબ તખ્તસિંહજી કે. સી. એસ. આઈ. તખ્ત નશીન થયા પછી થોડી મુદતે મુખ્ય મંત્રિની પદવી તેમને મળી. જે પદવી ભોગવતાં, બુદ્ધિના યોગવડે કરેલાં, દરેક શુભ કૃત્યના યશના પોતે નિર્લોભી થઈ નામદાર માહારાજાસાહેબને એ બધા યશની પ્રાપ્તીથીજ સંતોષ માન્યો હતો. તેથી આવા રાજ્યભક્ત દિવાનનાપર નામદાર માહારાજા સાહેબે પોતાના એક શુભેચ્છક તથા મુરબ્બી સમ માની સદ્ભાવ રાખ્યો હતો. આવા પરસ્પરના પ્રીતિભાવથી રાજ્યમાં કેટલા કેટલા ફાયદા થાયછે તે સહજબુદ્ધિનું માણસ જાણી શકી વખાણે તો જેણે ઘણા દિવશસુધી રાજ્યકારભારનું કામ કરેલ હોય તેતો કેટલાં વખાણ કરતા હશે તે કહી શકાતું નથી. પોતાના કારભારની કારકીર્દીમાં,

નામદાર માહારાજા સાહેબ કે. સી. એસ. આઈ. થયા તે બાબતનો અપરંપાર હર્ષ તેમના અંતઃકરણમાં વિશેષ જોવામાં આવતો, એટલુંજ નહિ પણ બી. જી. રેલવેનું નિર્વિઘ્ને રાજ્ય આબાદર હી પાર પાડવું એ સંતોષકારક વાત મનમાં માનતા હતા. આ બધું કારણ માહારાજા સાહેબ નશીબદારછે, તેથીજ થયું એમ તેઓ માનતા હતા. અને હરવખત પોતાના પુત્રપૌત્રાદિકને આ રાજ્યની ભક્તીભાવ માટે સદુપદેશક કર્યા કરતા હતા. તેમની નોકરીની સંતુષ્ટતાથી માહારાજા સાહેબે એક જલાલપુર નામે ગામ તેમને બક્ષીસ આપેલુંછે.

તેઓ એ નામદાર માહારાજા સાહેબને ઇશ્વરભક્તિમાં તેમજ નીતિની બાબતમાં વિશેષ પ્રીતિથવા સુંદરકવિતાઓ કરી સંભળાવેલીછે

ઇંગ્રેજી કેહેવત પ્રમાણે. Time is even more valuable than money વખતને અમુલ્ય ગણ્યો હતો. રાજ્યભક્તીનાં ઉત્તમ આચરણને લીધે કદી કોઈ માણસ પોતાનું બુરૂં બોલી અનાસ્થા થવા કાળજી રાખી પોતાને ફજેત કરવા આહના રાખતો હશે તો પણ તે બાબત ધીર્યતાના ધર્મ પ્રમાણે સહન કરી "સત્યમેવ જયતે" એ વાક્યપર આસ્થા રાખી રાજ્ય ભક્તીમાં ખામી પડવા દીધી નથી.

તેઓના વેદાંતશાસ્ત્રના જ્ઞાનની નિપુણતાને લીધે, જુનાગઢના મરહુમ દિવાન ગોકુળજી ઝાલા, નૃસિંહપ્રસાદ હરિપ્રસાદ, મણીશંકર કીકાણી, અને મુંબઇમાં વિશ્વનાથ નારાયણ મંડળીક તેમજ પ્રસિદ્ધ ગ્રંથકર્તા મનસુખરામ વિગેરેની સાથે વિશેષ મૈત્રી સંબંધ હતો ને તે સઘળા તેમજ બીજા દેશીપરદેશી, ગરિબ કે શ્રીમંત, જે જે માણસોએ એક વખત પણ તેમની સાથે મળી તેમની વાણીની મીઠાશનો લાભ લીધો હશે, તેતો તેમના વખાણ કરી થએલા બનાવથી શોક પામતા હશેજ, તો આ ઉપરથી તેમની સતકિર્તિએ અમરવાસ કર્યા છે તે કાંઈ ઓછી સંતોષકારક વાત કેહેવાય નહિ.

મરનારે પોતાના શરિરને વિશેષ વ્યાધી વર્તાતાં ધર્માદાના કામતરીકે નવું કામ એ કર્યું છે, દંડી દસ સન્યાસીને જમાડવા એક

અન્નક્ષેત્ર બાંધવા ઠરાવ કર્યો. અને પોતાના નાના પુત્ર લલુભાઇના ફરી લગ્ન સમયે અમદાવાદમાં સ્ત્રીકેળવણી ઉત્તેજનાર્થે, તેમજ સ્વજ્ઞાતિ સુધારણાર્થે અમદાવાદની કાલેજમાં ભણનાર વિદ્યાર્થીઓને માટે એક મોહોટી રકમની બક્ષીસ કરી હતી.

આ શિવાય તેમણે કાઠિયાવાડના મેહેરબાન પોલીટીકલ અધિકારિયોનો અને બીજા રાજારજવાડાના કારભારીયોને સલાહકાર તરીકે સારો સદ્ભાવ મેળવ્યો હતો.

આ બધાં શુભ કૃત્યથી શાસ્ત્રની કેહેવત પ્રમાણે. अवसानप्रजाजळे નું ખરેખરૂં રૂપ મેળવ્યું એમ કેહેવા મન આંચકો ખાતું નથી.

આવા માઠા બનાવથી તેમના સદ્ પુત્રોને પોતાના પિતાનું અપરંપાર સુખ જાતાં તેમને મોટી ખોટ ગઇછે, અને ભાવનગરના રાજ્યને એક રત્ન ગયું છે, અને પ્રજાને શાંતિનું એક સુખદ કલ્પવૃક્ષ ગયુંછે, તેથી તેમની અમારા અંતઃકરણમાં થએલી દિલગીરીને માટે આ ગ્રંથ છપાવ્યો છે. જે કે કેટલાક અદેખા અને નિંદાપાત્ર લોક સિવાય તમામને વાસ્તવિક લાગી, શોક પામ્યા શિવાય રેહેશે નહિ પણ એવા અદેખાઓથી ડરીને ખરા રત્નને અમે કાચ કહેવાના નથી, અને અમારી ફરજ બજાવ્યા શિવાય રેહેવાના નથી. એ દ્રઢ નિશ્ચયથી મરહુમ સામળભાઈ જેવાં સતકૃત્ય કરી દુનિયામાં મનુષ્યોને પોતાના ગુણનો શોક થવા કાળજી રેહે ને સારા આચરણથી સારાં કૃત્યો કરે તો જીવતાં અને આ ક્ષણભંગુર શરિર પડ્યા પછી પણ વખાણ થયા શિવાય રેહેશે નહિ એટલા માટેજ આ ગ્રંથ બનાવવાનો હેતુ ઉપદેશજનક માનેલો છે.

મરહુમ સામળભાઇની દિલગીરી અમો ઉદીચ્યહિતેચ્છુ સભાને એકલીને નહિ પણ તેમના ગુણથી જાણીતા લોકોને તેમજ વર્તમાન પત્રોના અધિપતિયોને પણ અતિ ઘણી થતાં તેમના જણાવેલા મતો જે અમોને મળ્યા તે આ ગ્રંથમાં અમારા મતને પુષ્ટિદાખલ જાણી પ્રસીદ્ધ કીધા છે.

આ ગ્રંથ છપાવવામાં અમારૂં શરૂવાતનું પ્રયત્ન, તેમજ પીંગળ

વિગેરેનું જ્ઞાનપણ અમારી સભાના સભાસદનું વખાણવા લાયક નહિ તેથી જે કાંઈ ભુલ થઈ હોય તે. પોતાના મહત્તાના ધર્મ પ્રમાણે વાંચનારા દરગુજર કરશે, એમ આશા રેહેછે. કારણ કે માણસજાત ભુલથી ભરેલી છે. માત્ર એક દોશ રહિતતો હરિજછે. તેથી અમારી ભુલ કદી વિદ્વાન માણસની બુદ્ધિમાં કોઈ જગ્યોએ લાગે તો તે બતાવેથી તેમનો ઉપકાર માનવામાં આવશે.

છેવટે પ્રભુ પાસે માગીએ છીએ કે તેમના પુત્રપુત્રાદિક કુટુંબી જનો સુખસંપાદન કરી રાજ્યની મહતક્રિર્તિના લાભ પામો અસ્તુ.

(ઉદીચ્યહિતેચ્છુ સભાના તરફથી)

સામળ વિરહ.

ઇંદ્રવિજય છંદ.

માઘ અને કવિરાજ તણો જયમ ભોજ હતોજ ઉત્તેજન દાતા,
સામળને શુભ રાજ મળ્યો રૂખિ તેહ તણી કવિતા ગુણ ગાતા;
ફારબસે ફળિભૂત થઈ દલપત્ત કર્યા કવિ નામ વિખ્યાતા,
તેમજ આપ અરે અધિરાજ સમો મળીયો મુજને દીલ શાતા.

શાર્દૂલ વિક્રીડિત.

વિશ્વેશા મહિપાળનું મહિધરા દીલે દયા ના ધરી,
તે તો સામળ સ્વર્ગમાં સુખદને રાખ્યો મહીથી હરી;
પ્રાણી માત્રપરે દયા દિલધરી રાખ્યા રૂડે રેમથી,
વિદ્યા સાગર સૃષ્ટિથી જડતરે હરો હવે હેમર્યા.

"અંતર્લાપિકા દોહરો"

ભાદ્રમાસ રૂપિ પંચમી, પરહરીયો સુખકાર;
વજીવાર શુભચંદ્રનો, રહ્યો સ્વર્ગ સરદાર.
નગર તજી નાગર ગયો, માણેક રત્ન અમૂલ્ય;
ગમગીની ફેલાઈ છે, નહી મળે તુજ તુલ્ય.
રત્નની વૃષ્ટિકરી, દહન કર્યા દુખદીન;
નાગર સાગર સાંભરે દાઝ લાગી તુજ વીન.
દિનદિન શોક સહુ કરે. શેહેરમાં દીલદાર;
વાર્ત્ત વિદગ્ધ ગયો વળી, સ્વધામમાં સરદાર.
નગર ગગન સમગાજીયું. રુદન શોક અપાર;
આપણ સામળ સૌ કરે, ગગનમહી પોકાર.
મન મળવા અકળાયછે, વારંવાર અપાર;

લઈ ધર્મ ગણ ચાલીયા, સર્વતણા સુખકાર.
દાખે દિલ કુબેર આ, કીનો કાળો કેર;
સર્સ શાન્તિનું સુખ હર્યું, ધોરીધર ધરિંઝર.
(નામદાર મહારાજા સાહેબે જણાવેલો શોક.)

મનહર છંદ-

ભાવનગરના ભુપ એદ રૂપ બની ખૂબ,
શોકનો પોશાક સજી સામળ સંભારે છે;
સરવ દુકાન અને ઓફીસો તમામ બંધ,
એક દીન રાખી દુઃખી દીલથી પોકારે છે.
બાર દીન બેન્ડ વાજું બપોરની તોપ બંધ,
મહેલ મોતી બાગમાં વાવટો અધુરે છે;
દીલગીર રાખી દીલ મહારાજા મનનથી,
સામળ સંભારી સાદ સ્નેહથી પોકારે છે.
રાજ્ય તણો ઘણો હિતકાર સરદાર હતો,
હતો હિતકાર દીલદાર દરબારનો;
લખાણથી લખતાં તો લાયકી લખાય નહી,
સામળ સલાહકાર નેક નામદારનો.
રાજ કારબાર કેરો કારનો વધારનાર,
હતો કારભારી મહારાજા સરદારનો;
ખરેખરી ખામી તારી કુબેર જહરજાણી,
સંભારી સંભારી સાદ કરે છે પોકારનો.

મનહર છંદ.

દિન નિશ નોકરોનો કદર પીછાણનાર,
હતો હિતકાર મહારાજા સરદારનો;
સ્નેહોપર સીતલ સાહેબ અને બારટન,
વોટસન તણો પ્યારછે અપાર પારનો
મનસુખરામ તણો મીત્ર દીલદાર ઘણો,
નરસંહ પ્રસાદનો પ્રેમીછે અપારનો;

મુંબઈ મંગળદાસ જુનાગઢ મણીભાઈ,
સામળ સામળ સાદ કરે છે પોકારનો.
વિદ્યારામ ભાઈ અતી શોક સદા ચીત્તધરે,
નિત્ય સંભારે સલાહકાર સરદારને;
જટાશંકરે જરૂર તારી ભારી ખામી જાણી,
આણી નીર નેત્રમાં સંભારે સદા યારને.
દીલદાર યાર સરદાર પ્રીતિ તણું પાત્ર,
ગાત્રભંગ તું જવાથી થયાં છે અપારને;
શોકમાં ફરે અનેક સ્વર્ગમાં સામળ જતાં,
સંભારી સંભારી રોજ રડે સુખકારને.
સંભારી સંભારી રાડ પાડે આ કાઠિયાવાડ,
સ્થંભનો આધાર યાર સલાહ કાર ક્યાં ગયો;
કાજીનું કુટુંબ પાળનાર દીન તારનાર,
નાગર આશ્રયકાર સ્વર્ગમાં જઈ રહ્યો.
ગોવિંદજી વૈદરાજ તણો હતો શિષ્ય ઘણો,
ગુરુએ બોલાવ્યા વિના કેમ ચાલી સંચર્યો;
ગુરુ ભક્તિ તો વિશેષ છે કરેલ તેં સદાય,
તેથી તારો શોક પુત્રવત સમ આદર્યો.
ખરેખરી ખામી તારી ભૂમિયે જાણેલ ભારી,
ભાવેણામાં ભરપૂર કોણ પુરી પાડશે;
ક્રૂર કાળે કનિષ્ઠતા કરી હરી લીધો હાલ,
શાન્તિ ગુણથી સંતોષ કોણ તો પમાડશે.
વિવેકી ગુણીનાં હવે સ્વપ્ન વત સુખ થયાં,
વાણીરૂપી મિષ્ટ મેવા કોણ તો ચખાડશે;
દીલદાર થાય દીલ દહન સહન કરૂં,
વિકાળ કાળની ઝાળ કોણ તો ઝંપાવશે.
વિશ્વ વિશે વિશ્વંભર વિશ્વમાં વિખ્યાત હતો,
વસુધાએ વિશ્વંભર ખોટ તુને ક્યાં પડી;
ખરેખરો આ નાગર સાગર સામળ હતો,

કાળ કેરા સપાટામાં આવ્યો ચિત્તમાં ચડી.
બળાપો કળાપો બહુ તું વિના કરેછે સહુ,
દીલમાં દયા ન ધારી વેરી વિધાત્રી નડી;
નિયંતા જગત તાતા વીનતા કુબેર કેરી,
સુણી સુણી સદા રેમ રાખજે ઘડી ઘડી.

શીખરણી વૃત.

સદા શાન્તિ વકતા દુખ દહન દાતા દુર થયો.
અરેરે આજે એ ગુણિયલ ગુણી નાગર ગયો; ટેક.
કર્યાં સારાં કામો અદલ ઇનસાફો કરે ધર્યાં,
સુધારા સત્યેથી સરસ અતી રાજ્યે શુભ કર્યા;
વળી વીદ્યાવંતો વિનય વસુધાએ ગુણ બર્યો,
અરેરે આજે એ ગુણિયલ ગુણી નાગર ગયો.
અતી આબાદાની સરસ ચડતી ભાવનગરે,
નીતી ભકતી ભાવે પરમ પુર પ્રીતી દીનપરે;
બહુ બુદ્ધિશાળી ગહન ગુણવાળી ગતી ભર્યો,
અરેરે આજે એ ગુણિયલ ગુણી નાગર ગયો.
મહા કીર્તિ જામી રવિ સમ સુ કીર્ણો ખીલી રહ્યાં,
વિવેકી વાણીનાં સ્વપનવત્ સુખો દુર થયાં;
અરે ભાનુ આજે ઉદય થઇને અસ્તજ થયો,
અરેરે આજે એ ગુણિયલ ગુણી નાગર ગયો.
સદા ઉદ્દીમ્યોને મદદ મન ગમતી અતી હતી,
દયા ધારી દેતા ગહન પ્રભુ તારી પૂર ગતી;
સુણીને સોકાબ્ધી પરમ પુર ડુબરેલ થયો,
અરેરે આજે એ ગુણિયલ ગુણી નાગર ગયો.

સોરઠો

શાણો આ સરદાર સ્વર્ગે ચાલી સંચર્યો,
ઉરમાં અતી ઉદાસ ત્રાહ ત્રાહ સૌકો કરે;
સરજ સમ મુજ નામ હામ કામ દીધે દયા,

કરી યશસ્વી કામ પૂરણ પામ્યો માનને.
ગુણ ગણતાં તુજ આજ કાજ ન સુજે કારેસુ,
સરવ તણું સુખ સાજ સ્વધામમાં સીધાવીયો;
નીર તીર વીન મીન ધીર ધરે નહિ એકપળ,
પ્રીતિ પાત્ર તુજ વિન હું અકળાણો અતિઘણો.
ઉદીચ્ય આર્ય સમાજ કુબેરે સોકાતુર સદા,
દીલગર દીલમાં આજ શાણા શામળદાસ વિન.

ઇંદ્રવિજય છંદ.

રાજ ગુણી ગુણરાજ ગયો ગુણની ગણના ગણતાં ગુણકારી,
શામળદાસ સદા સુખવાસ નિવાસ કર્યો નીજનો સુખ દ્વારી;
હામ ધરી શુભ કામ કરી ધરી હામ હવેજ ગયો સુખકારી,
સર્વ સમાજ સુકાજ તજી કીરતાર તણી શુભ પાદ સ્વીકારી.
અમૃત અંજન આંખ કરી ધરિ ધીર †અરી અગણીત હણાયો,
ચિત્ત ચતૂર ચકોર ચિતે ચિતમાં શુભ પ્રીતની રીત જણાયો;
ભાગ્ય ભલું ભવસાગરમાં નહિ ગાગરમાં તુજ ગુણ સમાયો,
આ અવનીપર જન્મ ધરી જુગમાં જુગતે જશ જોસ જમાયો.
ન્યાય થકી નીત ભાવતણા નગરે તખ્તેશ નરેશ રીઝાયો,
દીનદીને શુભ કાજ કરી ખરી ખ્યાત ભણી બહુરાજ દીપાયો;
દાનદઈ દીનને દીનના અતી આસીરવાદ લઈ સુખપાયો,
વીનયપૂર કુબેર અહોનીશ નાગર સાગરે ગુણ ગવાયો.

† અરી જે કામ ક્રોધ લોભ મોહ આદીશત્રુઓ તેનાથી કરીને હણાયેલા એવા.

લલિતવૃત.

અરરર આજ આ સ્તંભ તુટીયો,
સરર ચાલીને સ્વર્ગમાં ગયો;
અઘટતું અહો ઈશ આ થયું,
સરસ શાન્તિનું સુખ સૌ ગયું,
દિનતણી દયા દીલ નહી ધરી;

સુખદ વૃક્ષતે છેદીયું હરી,
મતિ અતી હતી સરલ ગુણમાં
દિલદયા દીને પ્રીત પૂણ્યમાં,
ગુણનિતી અતી જ્ઞાનની ગતી;
પુરણ પ્રીતતો ન્યાયમાં હતી,
અરરે ઇશ આ કુસુમ કુંજને.
હરિ જતાં દયા દિલ ન તુંજને,
સહુ સમાજમાં રાજ કાજમાં:
ખચિત ખોટતો સર્વ સાજમાં,
નિરધનો કદી ધન્ય પામશે,
દુખિજનો કદી દુખ વિરામશે.
મણુ છબી હવે કો દીને મળે,
તુજ વિયોગથી ચિત્ત તો બળે:
ચંદ્રચ્હાય છે ચિત ચકોરનું,
ઘનવિષે સદા ચિત મયૂરનું.
જળવિના નહી મીન જીવશે
જળ તજી કદી દુખમાં હશે;
ભ્રમરને સદા પુષ્પ પાસની,
રહિજ વાંસના તેમ આસ્યની.
ચિત સદા છબી ના ભુલાયરે,
દિનદિનો દુઃખી સરલ જાયરે;
વિરહ વ્હાંથી દુઃખ થાયરે,
તુજ વિયોગતો ના ખમાયરે.
સ્નેહ સુખ હું ક્યાં જઈ લહું,
અરર તું જતે દુઃખ હું સહું;
અરર આળ આ ચક્ર કાળની,
સુખદ મૈત્રીના મણી કાળની,
અરર મણી આ કારમુ થયું.
રતન મૂલ્યનું આજતો ગયું:

જગત મીત્રનો જીવ શું હર્યો,
અરરર ઈશ આ કોપ શો કર્યો;
ઉદીચ્ય આર્ય આ શોક સૌ કરે,
ઝરરર ઝાળ આ કાળની ઝરે.
નિર કુબેરને નેત્ર નાસરે,
દહન દીઘી દુઃખકો હરે;

મા લિનીવૃત.

પરમ પરમ પ્યારો પૂર્ણ પ્રેમી અમારો,
અવનિપરથિ ન્યારો જાણ તેજે થનારો;
ધરીધરી ચિત ધ્યાને સર્વનો સુખકારી,
મણિમય છબી ભારી જાત આજે નહારી.
અરરર પણ અચીંતો કાળ આવ્યો નચીંતો,
મન હરમતી મંત્રી ખોઈ બેઠા અચીંતે;
સરસ સરસ સારા સુજ્ઞ સાને સુધારા,
કરિકરિ સુખ દ્વારા સ્વર્ગ ચાલી સિધાર્યા;
અહરનિશ અમારાં દીલ કુબેર દાઝે,
ઝરરર ઝરરર ઝાળો લાહની આજ લાગે.

મનહરછંદ

સામળ સરસ હિતકાર દેશ હિતતણો,
સુખ સજનાર અને સૃષ્ટિનો શૃંગાર છે;
દીલનો દયાળ ગુણીજન ગુણકાર ઘણો,
થાણો સરદાર યાર ઉરમાં ઉદાર છે.
કાવ્યનો કોઠાર કળા કૌશલ્ય તણો ભંડાર,
યશનો વધારનાર નોધારા આધાર છે;
દીનનો ઉધારનાર કુબેરનો તારનાર,
સ્વર્ગમાં ગયો એ રાજકાજ કેરો કાર છે.

કોકીલા પ્રતિઉક્તિ (ઇંદ્રવિજય છંદ)

કોકિલ કંઠ સદા સુખરૂપ અરે દુઃખરૂપ બન્યો કેમ આજે

સુંદર રાગ રહીત કીલોલ કરે કરૂણામય આજની સાજે;
બાગકરી તુજ રાગ સુધારીશ સાગર નાગર ક્યાં જઈ ગાજે,
સાંભળને ગુણ દાયક નાયક સાગર સામળ સ્વર્ગ સમાજે.

મેઘરાજા પ્રતિઉક્તિ (ઇંદ્રવીજય છંદ.)

મેઘમહા ગુણ જાણ સુજાણ ગયો ગુણનો ગણનાર લઈને.
સોબતમાં સહુ શોધી વળ્યો પણ સોબતીને લઈ ક્રુર થઈને;
પાલનહાર પ્રજા સુખકાર હતો હિતકાર પુરંદર પૂરો,
પામર પાલણ દુઃખ વિદારણ તારણ દીનતણો જય શૂરો.
આવીશ આઠજ માસ પછી પણ આવસ સંગીન છોડી દઈને,
સામળ સંગીન પાસ લઈ અહીં ધર્મ ધૂરંધર પાસ જઈને;
ક્રુર થઈ તું કદી નહી લાવીશ આવીસ એકલ સંગીન છોડી,
ધિક તુને બહુ ધિક અધીક નઠીક કરીશ કદી હિતતોડી.

સમુદ્ર પ્રતિઉક્તિ (મનહર છંદ.)

સાંભળ સાગર રતનાગર કહુંછું તને
રત્ન કીયું સારૂં સઘળા થકી ગણાય છે,
સ્ફાટીક મણિ સરસ જાણીએ જરૂર પણ.
રત્ન રૂડું જાણતાં જરૂર શું જણાય છે,
કોહી નુરથી વીશેશ ગુણ જાણ ચાગું એક;
મણિમય હીરો તુજ ઓઝમાં તણાય છે;
સાગર જરૂર જઈ સંભાળ નાગર એક,
રત્ન રૂડું શામળ સ્વરગમાં જણાય છે.

મનહર છંદ.

સુધારો વધારો કરી ચિત્ત ચતુરાઈ ધરી,
દીપાવ્યું દીપક રાજ તખ્તેશનરેશનું;
વસુભાતી ભાતે વસુ વસુ વસુ ઘર વસુ.
કર્યું વસુ વસુ રાજ તખ્તેશનરેશનું.
આબાદી અતી વધારી ધારી ધીર શુરવીર,

આબાદ આ રાજ થયું તખ્તેશનરેશનું;
આગગાડી આણી વધુ વધાર્યો વેપાર આહીં,
સુધાર્યું ભાવનગર તખ્તેશનરેશનું.
દેશી પરદેશી જનો વેપાર વધારે જોઈ,
વસ્યા ભાવનગરમાં મંત્રીના આ મંત્રણે;
સંચા કાપડ કોટન તણા ઘણા કરી કરી,
દેશી કારીગરી ખરી મંત્રીના આ મંત્રણે.
ઇંગ્રેજો વેપારી ઘણા દેશ પરદેશ તણા,
ભરપુર ભાવેણામાં મંત્રીના આ મંત્રણે;
સદગુણી સારા ધારા કરી ક્યાં પધાર્યા પ્યારા,
કુબેર કહે આ બન્યું મંત્રીના આ મંત્રણે.

દોહરો

ભાવનગર ભાવે ભલું પુર પુરંદર આજ,
મહારાજ તખ્તેશનું બેશ બન્યું આ રાજ;
સુધારો સત્યે કર્યો સામળદાસ સુકાજ,
મહારાજ તખ્તેશનું બેશ બન્યું આ રાજ.
બાગબગીચા બંગલા બંધાવ્યાં પૂરપાજ,
મહારાજ તખ્તેશનું બેશ બન્યું આ રાજ;
શોભા સુંદર શું કહું રાજતાજ સુખસાજ,
મહારાજ તખ્તેશનું બેશ બન્યું આ રાજ.

ભુજંગી છંદ.

બન્યા બાગ ને બંગલા ખૂબ ઝાઝા,
મળે મિષ્ટ મેવા અહોનીશ તાજા;
ધરી હામ દામે કર્યાં કામ સારાં,
સહુ નામ જાપે સદાયે તમારાં.
ભલા ભાવથી ભાવના નગ્રમાંહી,
બનાવ્યાં બહુ બાધ કામેજ આંહીં;
કરી હાઇસ્કુલો ભણે ચિત્ત દેખી,

વળી એજ કોર્ટો તણાં કામ પેખી.
ભલા ભાવથી માસ્તરો ત્યાં ભણાવે,
મતીમૂઢ દારિદ્રતા તો હણાવે;
ભણાવી ગણાવી ભલું અંગરેજી,
ભલો ભાગ્યશાળી કરે ભાગ્ય તેજી.
મળે માન મેટ્રીક્યુલેશન માંહી,
પછી પાસ થાયે પરાક્ષીત ત્યાંહી;
સદા સંસકારી સુવિદ્યા ભણાવે.
પુરા પ્રેમથી સાર શાસ્ત્રી ભણાવે.
વડા વીદ્વાનો પદ વેદ સારા,
મળે માન મ્હારાજ્યથી પાર વારા;
કર્યા કારમાં શેહેર સારો સુધારો,
વધારો કરી મુખ્ય મંત્રી પધાર્યો.

મનહર છંદ.

વડી કોરટે સદાય ન્યાય નિત્ય નિત્ય કરે,
દીનપર દીન દીને દીલમાં દયા ધરે;
કુધારો ન ધારો સુધારો વધારી સારી પેરે,
કષ્ટનો કીનારો કુખ્યદાખી સુખ્ય આદરે.
સશીસમ નુર વધી સાગરમાં પૂર ચડે,
ન્યાયીનો સદાય સુખ્યરાય હૃદય કરે;
કુબેર કહેત ગુણીજનો ગુણ ન્યાયધરે,
ન્યાયી નિત્ય નિત્ય ન્યાય આ કોરટમાં કરે.

દોહરો

રૈયતને રંજન થવા બાગ બન્યો બહુ બેશ,
પબ્લીક ગાર્ડન તો પડ્યું નામ નિરંજન એશ;

ઇંદ્રવિજય છંદ.

બાગ અથાગ સુહાગ બન્યો બહુ બાગ બને નહી આસમ સારો,
સુંદર બાગ પુરંદર પૂરણ પ્રેમ ધરી કરી પૂર સુધારો;

છેરે છુટે છરેરાટ સદાય નિરંતર નીર છુટેજ ફુઆરો,
રૈયતનાં મન સભ્ય સદંતર અંતર અંજન પેખિ ફુઆરો.
ભરેલ ભલું નીર સાગર સંમ જણાય જરૂરજ હોજ કર્યાં ત્યાં
ચિત્ર વિચિત્ર સમીપ સદાય શુ શોભિત ઝાડ જરૂર ધર્યાં જ્યાં;
બેન્ડ બનાવી ચડાવીશુ શોભિત વેલની બેલ મચેલ રચેલી,
સાંજ સમે સહુ સુંદર દેખી સદાય ફુલેલ ફુલેથી ફુલેલી.
પિંજર જાળી વિચિત્ર કરી અહીં પંખી તણી ઘણી જાત ભરીને,
તીર તરૂ તટ છાંય સદાય સુશોભિત ઝાડની છાંય ધરીને;
કુબેર કહે વિજયા વિજયાધર વિદ્વ વિદગ્ધસુ હીત કરીને,
આજ ગયો અવનીપરથી ગુણ સાગરનાગર પ્રીત હરીને.

રાગ પરજીયો.

શાણો હવે શામળ જેવોરે,
મંત્રી મુખ્ય નહી મળે એવો; ટેક;
સંસ્કૃત ફારસી વિદ્યા ભણીને,
વિદ્વાન બનીયો વિસેશ.
વિવેક ગુણ વિનય થકીતો,
વસીયો ભાવેણ દેશ; શાણો.
સામળ સાગર નાગર ગુણીયલ,
દીન વિદારણ દુખ.
કુળ દીપક કુળમાંહી ગણાયો,
સર્વ પમાડ્યું સુખ; શાણો.
આજમ ગવરીશંકર પાસે,
રહી લીધું શુભસ્થાન,
ઉત્તમ મંત્રી તણા અધિકારે,
પુરણ પામ્યો માન; શાણો.
યસ વધારી દિનદિન દેશે,
કીધેલ સારાં કામ.
સહુ સજ્જન સંભારી રહેશે,
નહીં ભુલે મુજ નામ; શાણો.

પાઠશાળા પુરમાંહી થપાવી,
તેડાવી વિદ્વાન.
પંડિત કવિયોને મદદ કરીને,
કરતો સારાં સનમાન; શાણો.
પરીક્ષા વિદ્વાનોની કરીને,
ભલો રાખતો ભાવ.
વિદ્ધ જનોને આશ્રય આપી,
સારા દેતો શિરપાવ; શાણો.
ગુણીજનને માન મળ્યા થકી,
વધે ઉન્નતિ ઉમેદ.
પણ ગુણ જાણ ગયો જાણીને
ખૂબ થશે હવે ખેદ. શાણો.
રાજા ગુણી ગુણ પ્રીતની રીતિ,
રાખ્યા ભક્તિ છે વિશેષ;
શાન્ત રાખાવે હેત ધરીને,
રંજન રાખ્યો નરેશ. શાણો.
ડાહાપણનો દિલદાર દયાળુ,
અંતરમાં અસરાક;
સદ ગુણનું સુખ પાત્ર થઈને,
કરતો અદલ ઇનસાફ. શાણો.
દેહ તમારો નાશ થયો પણ,
નામ થશે નહિ નાશ;
સાંભરશે સરવે સજ્જનોને,
સ્નેહ અને મીઠાશ. શાણો.
સુજ્ઞ વિવેકી ને હિતકારી,
ગયે અંતર અકળાય;
અખિલ ઇશ પ્રભુને ગમીયું,
તેમાં કોનો ન ઉપાય. શાણો.
પર ઉપકારી સ્વર્ગ ગયાથી,

સર્વે થયા નિરાશ;
ફરી મળવાની મુખ્ય મંત્રીની,
અંતર રહી ગઈ આશ. શાણો.
રૈવતનું શુભ ઈચ્છી સારૂ,
કાંઈ ન રાખી કચાસ;
સત્વગુણી ગુણસાગરે જાતાં,
ઉર થયાં ઉદાશ. શાણો.
જગદાધારે જલદી બોલાવી,
રાખ્યો પોતાને ધામ;
તુંહી તુંહી સહુ કોઈ પોકારે,
મનુષ્ય દીલ તમામ. શાણો.
પરમાત્મા પરિબ્રહ્મ પ્રભુતા,
પ્રભુ ન ધારી પ્રેમ;
ક્રુર થઈ લઈ નાગર સાગર,
ગયો ન રાખી રેહેમ. શાણો.
અંતરમાં સદનંતર નિરમળ,
નિશ્ચય રાખ્યું નામ;
દિનદિન પ્રતે નવાં નવાં શુભ,
હામધરી કર્યાં કામ. શાણો.
યશ વધારણ દીનજન તારણ,
દેશ સુધારણ હાર;
કુબેર કેરૂં દુઃખ વિદારણ, શાણો.
દીન તણો દાતાર.

ઉપેંદ્ર વજ્રા

અરે ગુણી શામળ સ્વર્ગ ચાલ્યો,
સ્વધામ રસ્તો ઝટ કેમ ઝાલ્યો;
દયા દિલે લેશ તુંને ન આવી,
ગયો યશસ્વી નહિં કાંઈ કાહાવી.

સુહૃભાળકો શોક સદા ન ભૂલે,
નિમગ્ન નિત્યે તુજવીન ઝુલે;
કહ્યો નહી જાય કદી કળાપો,
સહુ કરે શોક ઘણો બળાપો.
વિશ્વેશ વિશ્વાધર વિશ્વવિશે,
અઠીક કીધું અતી એમ દીસે;
નહીં મળ્યો દેશ વિદેશ કોઈ,
અરે ખરો ખ્યાત લીધો છ જોઈ.
જરૂર જાણી જગતે ન ખામી,
પરાત્પરા અંતર આત્મ જામી;
કૃપાધરા સુત્ત સુપુત્ર દીધા,
અરે પ્રભુ તેં ઉપકાર કીધા.
પરોપકારી બહુ બક્ષીબુદ્ધિ,
સુપુત્ર પામ્યા શુભ રિદ્ધિસિદ્ધિ;
અપાર તારો ઉપકાર માનું,
સદાય તું કાયમ રાખ બાનું.
ચીરંજીવી વૃદ્ધી વિશેષ પામે,
આશિષ આપો જશ જોસ જામે;
કરી સુ કામો દિનદીન સારાં,
કુબેર જાપે નિશ નામ તારાં.

મનહરછંદ.

આસવાલમીકી અને કાળીદાસ માઘજેવી,
કીરતીનીઆશ એતો આશ એ નીરાશ છે;
ગંભીર બલ કહાન દરવેશ દીન જેવા,
કવિનામ કેરી આશ વીચરી આકાશ છે.
વધુંશું વિશેષ નરમદ દલપત્ત તણી,
કીરતી કમાઈ તણી કોણ ક્યાંઈવાસ છે;
મતીમંદ તોય મને ધરી મોટી ખોટી આશ,

વધું વીલે સુખ આંજ તેથી થશે હાસરે.

ઇંદ્રવિજય છંદ (લોકો પ્રત્યે શીક્ષા).

પાપધરી અતિ પ્રૌઢતમે ચડિ આખડિયે ચઢ મહશું ચાલો,
કાળ અને કરતાર તણા ડરવીણ સદા સુખમાંજ શું માલો;
ડાઢધરી ઠકરાઈ કરી અભીમાન ધરો ઉરમાં શિદ્દહાલો,
આંખ ઉઘાડિ કરે શુભકામ ગયા કહિ શામળદાસ સમાલો.

સૂર્યપ્રતિ વચન (ઇંદ્રવિજય છંદ).

ભાનુધરી કંઈ ભાન અને સુભસાન થકી સુણવાત અમારી,
ભાગું નમીનમિ પાય સદાય સહાય કરી કર કારજ ભારી;
દ્રષ્ટિ કરી બહુપાસ તપાસ કરી અમ દેતું જવાબ વીચારી,
દેખજ શામળદાસ કહો સુભ નાયક લાયક એ સુખકારી.
ક્યાંનહિ દે કંઈ ઉત્તરરે અમને અમને કરીસું સુખમાણે,
હાંસિતણો નહીં એલજ આ બહુધા અમ ઉપરદુખ એ આણે;
ના નહીં તે તુજ વાંક અમો બહુરીંક તણું દુખ કોણ પ્રમાણે,
છોડિ ગયો સરદાર અરે દીલદાર પછી દુખ કોણજ જાણે.
દેહથકી જીવ નીસરશે પછી કોણ કરે દરકારજ તેની,
વાદળ જો વરસાદ નદે પછી તે ભણિ દ્રષ્ટિ કરે કહો શેની;
ગાયથકી દુધ ના નીસરે પછી કોણ કરે અતિ ચાકરી એની,
તેમજ એ સરદાર વિના ધરે કોણ ગમાર સ્તુતીજ અમોની.
અગ્નિથકી ઘર જો બળિજાયતો અન્ય વળી ઘર બાંધજ ચણાવે,
પાણીખૂટે નદીથી કદિતો પછિ ગામવિશે બહુ કૂપ ખણાવે;
દેશવિશે કદિ કાળ પડે પરદેશ થકી કણતોજ અણાવે,
ઇશતણી કિરપા મટી જાયજ તેહ તણો ન ઉપાય જણાવે.
સૃષ્ટિતણા સરદાર અરે દાહતાર બધા દુખના સુખદાતા,
બુદ્ધિરૂપી દઈ દાન કર્યાં શિદ ભાનવિના અમને જગતાતા;
તેડવી લેઈ ને લાયક નાયક લાયક ને કરવા વીણુશાતા,
રે નહીં કોઈ ઉપાય નહીંજ સહાય જહાં ગિરિજાવર ત્રાતા.

દીલાસો (ઇંદ્રવિજય છંદ.)

રામ ગયા ઘનશ્યામ ગયા અને દેવ ગયા નહી કોઈ રહ્યારે,
મ્હાન દશાનન મૃત્યુજ પામિયો લક્ષ્મિપતી લખ્ખ ક્રોડ ગયારે;
જોગી જતી ઋષિરાજ ગયા સબ, કોઈ ન મોતથી દૂર થયારે;
સામળદાસ ગયો સુર આપણ, તે થકી શોકથિ લીન થયારે.

(લોકોને શિક્ષાનું પદ).

જાસાં શા ખાવા ઓ ભાઈ હિણપત મોટી નામરદાઇ (એ રાગ)

અરે આ જગ જંજાળીરે, સદા રેહેવું સંભાળીરે— ટેક.
સાચાં જુઠાં કરવા બહુને, ખટપટમાં ગુંથાવું;
મદમત્સર આદીની સાથે, રહિને શું ગુથાવું. અરે આ
પૈસા ખાતર પ્રેમ તજીને, દરિયાવંત કહાવું;
એક તણા વ્હાલા થાવાને, હજાર સામા થાવું. અરે આ
મારૂં ઘરને મારી પ્યારી, મારાં બાબાં બાઈ;
તારૂં સઘળું અળગું રેહેશે, જુઠી એ જસ ગાઈ. અરે આ
કોઈ કહેશે નીતી વાળો, કોઈ કહે વ્યભિચારી;
કોઈ કહે નહી માણસમાં, સાંભળવું મન મારી. અરે આ
હાડ ચામ આદી સૌ બીજો, ખાખ આખરે થાશે;
પાંચે તત્વોનિજ જાતિમાં, પાછાં જૈ ફેલાશે. અરે આ
પૈસો પ્યારી મોજ મઝાર એ, કોઈ સાથ ના આવે;
એથી થયેલ કુકૃત્યો સૌ, નરકોમાંજ ફસાવે. અરે આ
નીતિ રાખી નેક ન્યાયથી, ચાલે જો કોઈ ભાઈ;
તો તે આવે કામ આખરે એહ ખરો જસભાઈ. અરે આ
પણ અગ્નીને ઘીની સાથે રહિને ના ઓગળવું;
એવું ભારી કામ ખરેખર, નીતિથી પરવરવું. અરે આ.
આશપાસ છે ઝાળ વીખની, તેથી મૂક્તજ રેહેવું;
અવઘડ વાળો નીતિ મારગ, ચુક્યાથી દુઃખ સેહેવું. અરે આ.
એક વાર જો પડ્યા ઝાળમાં, તો તો ખોટી આશા;
સત્ય ગુરૂની સંગત વીના, બચિ પડે ન સઘળા પાશા. અરે આ.

ગુરૂ મળે પણ નીકળવું એ, મુશ્કેલીની વાતો;
આંતરીઓએ ઝાળ માહિથી, રાએ મારી લાતો. અરે આ.
બહુ બહુ બીકો એવી રીતે, જંજાળીને હોયે;
વૈરાગીને તો દુઃખ એકજ, દેહ કષ્ટનું સોહિ. અરે આ.
તોએ છેરે અવઘડવાળું. વૈરાગી બની જાવું;
સગાં સહોદર સાથ સરવના, મનનેરે દુખાવું. અરે આ.
સાકર છોડી સાળ તણો, શીરો ક્યોજન આશે;
સંસારી વૈરાગી થાયે, એમજ મનમાં થાશે. અરે આ.
દિશારૂપી વળી વસ્ત્ર પ્હેરીને, ભોંય પથારી કરવી;
લોભ ક્રોહમદ મત્સર આદી, તજીને નીતી ધરવી. અરે આ.
સખ્ત ટાઢ ને સખ્ત તાપ, એ સૌ થકી કાયા દમવી;
ચોમાસામાં મેઘ ધારને, માથાપર વળિ ધરવી. અરે આ.
એક તરફથી સંસારે કંઈ, સુખ તણી નવ આશાઃ
વૈરાગી થાવું પણ એવું, સૌ ઠામે નીરાશા. અરે આ.
સંસારી સુખ જેણે માણ્યાં, વૈરાગી ક્યમ થાશે;
દેહ કષ્ટની વાતો શુણી, કાળજડું બળિ જાશે. અરે આ.
સમજીને તો થોડા છોડે, ઝાઝા છોડે રીસે;
પાછળથી પસ્તાતા તેથી, નજરો નજરે દીસે. અરે આ.
ક્યાં જાઊં ને કેમ કરૂં હું સુજે નહી કંઈ મુજને;
કેમ કરીને દાતાશંકર મેળવીએરે તુજને. અરે આ.

મનહર છંદ.

વાંચનાર વાત આતો વર્ણવી વિવેકી કેરી,
વિશેષ વિચાર વાંચનારને પમાડ્યો છે;
ગુણવાન ગુણી કેરા ગુણ ગણનારે ગણી,
સ્નેહવત ગુણ બહુ શાન્તીનો દેખાડ્યો છે
રાજ કાજ કરી ધરી રૈયત ઉપર રેમ,
વાણીની મીઠાસ કેરો મેવા તો ચખાડ્યો છે;
કુબેર આ ઠામ નામ રાખ્યુંછે ધરીને હામ,

સાગર સામળનો વિરહ ગ્રંથ કાહાડ્યો છે.

"રા. રા. શામળદાસ પરમાનંદદાસના મરણ સંબંધી દીલગીરી"

તા. ૨૯ આગષ્ટ સને ૧૮૮૪ નું મુંબઈ સમાચાર.

ભાવનગરના દીવાનનું મરણ.

ભાવનગરના દીવાન રા. શામળદાસ પરમાનંદદાસ ગઈકાલે સવારના દસ વાગ્યાને સુમારે ભાવનગર ખાતે મરણ પામવાના દીલગીરી ભર્યાં સમાચાર ગઈકાલે તારની મારફતે અત્રે મળ્યા છે. મરનાર કાંઈ બીમાર નહતા; તેઓ એકા એક મરણ પામેલા જણાવામાં આવે છે. તેમની ઉમર સત્તાવન વરસની હતી, અને તે પણના આ એકા એક નીપજેલા મરણથી ભાવનગરના ઠાકોર તેમજ તેમની રૈયતમાં ભારે ગમગીની ફેલાઈ છે.

સને ૧૮૭૯ ની સાલથી મરનાર ભાવનગરની દીવાનગીરી બજાવતા હતા તેઓ પોતાની પાછળ બે દીકરા મુકી મરી ગયા છે જેમાંના વડા રા. વીઠલદાસ ઘણા માસ થયા નાયબદીવાનનું કામ કરે છે. તેઓએ ભાવનગર દરબારમાં ઘણાં વરસ થયાં મેહેસુલખાતામાં તથા ન્યાયખાતામાં સારો અનુભવ મેળવ્યો છે. મરનારના બીજા દીકરા મી. લલુભાઈ નામના છે અને તેઓએ પણ મુંબઈ નીવુનીવર સીટીમાં સારો અભ્યાસ કર્યો છે.

તા.૨૯ આગષ્ટનું "જામેજમસેદ"

ભાવનગરના દીવાન મી. સામળદાસનું મરણ.

જણાવવાને દીલગીરી ઉપજે છે કે રાજેશ્રી સામળદાસ પરમાનંદદાસ કાલે સવારના ૧૦ કલાકે સત્તાવન વરસની ઉમરે એકાએક મરણ પામવાના સમાચાર તારની મારફતે ફરી વળ્યા છે. મી. સામળદાસ માજીદીવાન મી. પરમાનંદદાસના બેટા હતા મરહુમ મી. પરમાનંદદાસ પેહેલાં બ્રીટીસ નોકરીમાં હતા પણ ત્યાર પછી

ભાવનગરમાં નોકર રહ્યા હતા. આ નોકરીમાં પહેલાં તે વણને ફટકો મળ્યો હતો તેથી તે વણે પોતાના આ બેટા મી. સામળદાસને બ્રીટીસ નોકરીમાં રેહેવાની ભળામણ કરી.

નાગરો ગુજરાતના બીજા કોઈ બીભાગ કરતાં ભાવનગરમાં ઘણો વગ ધરાવે છે. અને તેઓની પસંદગી અથવા ઈતરાજી ઉપર એક હોદ્દેદારનું ભવિષ્ય લટકેલું હોય છે પોતાની જગ્યા મકમ જોઈ સામળદાસને પણ ભાવનગરની નોકરીમાં તે વણના પિતાએ આણ્યા. જે નોકરી ઉપર ચડતાં ચડતાં સને ૧૮૭૯માં પેલા અતી જાણીતા થએલા દીવાન મી. ગવરીશંકરની જગોએ મરનારને દીવાન બનાવવામાં આવ્યા હતા.

મી. શામળદાસને ઈંગ્રેજીનો એક હરફ પણ આવડતો નહોતો તોપણ તે વણ એક બડા ડાવકા કુનેહવાળા રાજ્યાધિકારી હતા. અને રાજદરબારી ખટપટોથી ઘડાએલા તેમજ માહીતગાર હોવાથી પોતાની દીવાનગીરીના પાંચવર્ષમાં તે વણને કાંઈ નવું જુનું કરવું પડ્યું નહતું.

બ્રીટીસ અમલદારો સાથે તે વણ હંમેશ ઘણીસારી મિત્રાચારી રાખતા હતા કારણ કે તેનાં રાજ્યને તથા પોતાને ઘણો ફાયદો સમજતા હતા એ ઉપરાંત પોતાના દરબારીઓમાં મરનાર મી. સામળદાસ એવીજ કુનેહથી ઘણા માનીતા થઈ પડ્યા હતા, જોકે અમારે કબુલ કરવું જોઇએ કે મરનાર મી. સામળદાસમાં રાજપાટ ચલાવવાની ઉમદા શક્તી નહોતી તોપણ કોઈબી ચીજનું જલદીથી જ્ઞાન મેળવવામાં તે વખણાતા હતા અને કાંઈબી કરવા તથા બોલવામાં વિચારવંત રેહેતા. સામટી રીતે કેટલીક ખામીઓ છતાં મરનાર મી. શામળદાસ પરમાનંદદાસ એક ફતેહમંદ દીવાન થયા છે.

મરનાર સને ૧૮૭૯ની સાલથી ભાવનગરના દીવાનનો હોદ્દો ચલાવતા હતા અને તે અરસામાં પોતાની સભ્યતા તથા ચાલાકીથી ઘણાઓનો પ્યાર પોતાની તરફ ખેંચી લીધો હતો. જવાન ઠાકોર

સાહેબને આવા એક સારા દીવાનથી મોહોટું ઉત્તેજન હતું. અને તેટલા માટે તે વણના મરણથી ભાવનગરના રાજ્યને મોહોટું નુકસાન થયું છે. દીવાન સામળદાસ સંસ્કૃત તથા ફારસી ભાષામાં ઘણું સારૂં ગ્નાન ધરાવતા હતા તેઓ પોતાપાછળ બે બેટાઓ મેલી ગયાછે જેમાંનો વડો બેટો મી. વીઠલદાસ ડેપ્યુટી દીવાનનું કામ ચલાવે છે અને રાજ્યના ઘણાક જુદા જુદા હોદ્દાઓ ચલાવ્યા છે. બીજા બેટા મી.લલુભાઈએ પ્રિવિયસ એક્ઝામિનેશન પસાર કરીછે અને હાલ તે વણ ભાવનગરના રેવીન્યુ ખાતામાં મુખ્ય કારભારી છે. દીવાન મી. સામળદાસના મરણથી ખચીત મુંબાઈ ઇલાકાને એક ખોટ થઈછે. જો રાજ્યમાં કાંઈ ખટપટ નહીં થશેતો મી. વીઠલદાસને દીવાનનો હોદ્દો આપવામાં આવશે એમ ધારવામાં આવેછે.

"ભાવનગરના મરનાર દીવાન મી. સામળદાસ પરમાનંદ દાસ"

તા. ૧લી સપ્ટેમ્બર સને ૧૮૮૪ના ભાદરવા સુદ ૧૫ નું જામે જમસેદ.

(ભાવનગરથી એક મિત્રની કૃપાથી લખાઈ આવેલું)

મરહુમ સામળદાસે બાલ્યાવસ્થાથી વિદ્યાભ્યાસ ઉપર વિશેષ ભક્તિ રાખી મેહેનત કરી હતી તે વખતે ભાવનગર શેહેરમાં કોઈ ઈંગ્રેજીશાળા નહોતી તેમને તે ભાષા ભણવાનાં સાધનોની ખોટ હતી વળી માતુશ્રીનું સુખ હતું નહિ એટલે તેઓને પરદેસમાં વિદ્યાભ્યાસ કરવા વડીલોના તરફથી અનુકુળતા હતી નહિ તેથી તેઓએ ભાવનગરમાં રહી સંસ્કૃત અને ફારસીભાષાનો સારો અનુભવ મેળવ્યો અને સંસ્કૃતભાષામાંથી વૈદક તથા જ્યોતિષના ભાગનું ગ્નાન મેળવી બ્રહ્મનિષ્ઠ રામબાવાના શિષ્ય ધ્રુવાનસ્વામી વગેરે પાસે વેદાંતશાસ્ત્રનો તથા તર્કસંગ્રહ, તર્કદીપિકા ઈત્યાદિ ન્યાયગ્રંથોનો અભ્યાસ કર્યો હતો તે પછી વેહેવારી ગ્નાનને વાસ્તે કાયદાનો અભ્યાસ કરી ભાવનગરના ક્રીમીનલ ન્યાયાધીશ થયા હતા. માજીદીવાન મી. ગૌરીશંકર ઉદેશંકરના હાથ તળે સઘળુ કામ રફતે રફતે પોતે ઉપાડી તેઓના એક મદદનીશ થઈ પડ્યાથી પોતાનો સંતોષ બતાવવા સ. ૧૯૨૬

માં મરહુમ મહારાજા જસવંતસિંહજીનું મરણ થતાં દીવાન ગૌરીશંકરની જઈફીને લીધે રાજકારભારનો મોહોટો ભાગ મરનારે ઉપાડી લીધો હતો તથા હાલના ઠાકોરસાહેબને કેળવવાની મેહેનત કીધી હતી તે વખતમાં ભાવનગરમાં જોઈન્ટ એડમીનીસ્ટ્રેટર મી. પરસીવલ સાહેબે તેમજ તેમની જગ્યાએ નીમાએલા કર્નલવાટસન સાહેબે અને કર્નલપાર સાહેબે મુંબઈની સરકાર ઉપરના પોતાના રીપોર્ટોમાં વારંવાર મરનારની રાજ્ય કારભાર શકિતની ઘણીજ તારીફ કરી હતી. મરનારને બે બેટા તથા એક પુત્રી છે અને વડા પુત્રને દીવાન નીમવાની વકીછે નાહાના પુત્રે મુંબઈની યુનીવરસીટીની પ્રાવીયસની પરીક્ષા પસાર કીધી છે.

દેશી મિત્ર.

પુસ્તક ૧૨ મું તા. ૨૮-૮-૮૪ આંક ૩૫ મો.

સુરત (સં. ૧૯૪૦ ના ભાદરવા સુદ ૭) ગરૂવાર

ભાવનગરના દીવાનનું દીલગીરી ભરેલું મરણ.

લખવાને બે હદ દીલગીરી છુટેછે કે ભાવનગરના દીવાન રા. રા. સામળદાસ પરમાનંદદાસજી ગયા સોમવારના પેહેલા પોહોરના ૧૦ા વાગતે કૈલાસવાસી થયા છે. એથી ભાવનગરને મોટી ખોટ ગઈ છે રા. રા. ગૌરીશંકરભાઈ માજી મુખ્ય દીવાનના એવણ ભાણેજ થતા. તે વણના હાથ નીચે કેળવાઈને દીવાનગીરીનું કામ એ વણ સારી રીતે ચલાવતા. ખુદ ઠાકોર સાહેબ તખ્તસિંહજીનો એ દીવાનપર અતિશય પ્યાર અને વિશ્વાસ હતો એ દીવાનની કારકીર્દીમાં રાજ્ય વહીવટ બહુ સારી રીતે ચાલતો એવા દીવાનના દેવલોક થવાથી આખા રાજ્યમાં દીલગીરી પથરાઈ રહી છે. અને ખુદ ઠાકોર સાહેબને તે વણની પ્રજાને, અને મરનારનાં કુટુંબી સગાઓને દીલાસો આપીએ છીએ ને તેમના દુખમાં ભાગ લઈએ છીએ હવે પ્રભુ પાસે જાચીએ છીએ કે એ વણના વડા પુત્ર રા. રા. વીઠલદાસજી ફતેહમંદીથી દીવાનગીરી ભોગવો અને અતિશય જસને પામો.

ભાવનગર તા. ૨૫-૮-૮૪.

રા. રા. સામળદાસ દીવાન આજરોજ દેવલોક થયા છે આજ સવારે તબીયત કાંઈ વધુ બગડી નહોતી. હંમેશના રીવાજ પ્રમાણે દસ વાગતે વીઠલભાઈ જમવા ઉઠયા. સામળભાઈ સાહેબને નવરાવી ધાબળી પેહેરવા આપી તે વખતે જે માણસ ખાસન હરાવનાર હોય છે તે હતો પછી કોઈ જમાનમાં જઈ ધોતીયું પેહેર્યું ને પાટલી ચોપતાં એક દમ બે ભાન થવા તર્તજ વીઠલભાઈ લક્ષ્મીશંકર વગેરે આવ્યા અને દરબારમાં બરજોરજી ડાકતર હતા તેને તેડવાને માણસ મોકલ્યું તેનો આવી પોહોચ્યા તે વખતે એટલે દીવસના દશને ૨૫ મીનીટે દેહ છોડી. એમના મરણથી આખા ભાવનગરમાં શોક થયો છે તમામ ઓફીસો તથા સ્કુલો બંધ રાખવામાં આવી હતી અને ગામમાં હડતાળ પડી હતી. આવકોનું માજન જમવાનું હતું તે પણ બંધ રહ્યું હતું દરબારશ્રીએ એવો હુકમ કર્યો છે કે જે મોતીબાગ આવે તેણે પોકું બાંધીને આવવું. એમના મરણથી દરબારશ્રીને ઘણી ખોટ ગઈ છે.

દીવાન સામળદાસજીના મરણની દીલગીરીનો મરસીયો.

એજી ઓય હાયરે કેર થયો બહુ કારમો. એજી ઓય હાયરે૦
એથી શોક વધ્યો નરે નામો, એજી ઓય હાયરે૦
ગયા સોમવારે વાળ્યો કેર, રાંધ્યાં અન્ન થયાંતાં ઝેર;
નવ આવી જોષીને મેહેર, એજી ઓય હાયરે૦
ભાવનગરના દીવાન સામળદાસ, જેની ચહુદીસ ઉડી છે વાસ;
તેનો થયો દિવસમાં નાશ. એજી ઓય હાયરે૦
બહુ દીનના હતા આજારી, તેણે માર્યો મહાધાવદારી;
એથી ખોટ ગઈ છે ભારી, એજી ઓય હાયરે૦
હતા ઠાકોરસાહેબના પ્યારા, પ્રજા આખીને લાગતા સારા,
નથી કરતા નિંદા નરે દારા, એજી ઓય હાયરે૦
ભાવનગરનો દીપ બુઝાયો, પડ્યો તડકો ઉડી ગયો છાંયો,
હતો ઘણો દીવાન એ ડાહ્યો, એજી ઓય હાયરે૦

એનો વાસો સ્વર્ગમાં થાજો, થાતા રૂડું પ્રભુ સૌ ભજો,
દર્શીમિત્રને વૈકુંઠ હજો. એજી ઓય હાયરે૦

તા. ૩૧ મી અગષ્ટના પારસી પંચમાં.

ભાવનગર અખબાર.

અફ્સોસરે અફ્સોસ, આવી પડીરે ધાડ,
એક લેહજામાં ઉચકાઈ ગયો પાહાડ.
સામળદાસપર મારી જમેતરાપ,
સીહા સોમવારે પડયો જબરો કાપ,
પ્રધાન મારો બાહોસ ચંચલ રાજકુઆરી,
સોભાવ્યું ઘર માઠું થઈ રૂડો કારભારી.
ગયો હમેશનો કરી મને ગમખ્વાર,
સામળદાસ બીજો હું ક્યાંહાં સોધુરે યાર.

તા. ૩૧ મી અગષ્ટ સને ૧૮૮૪.

ગુજરાતી અંક ૩૫ મો.

ધી લેટ દીવાન ઓફ ભાવનગર (ઈંગ્રેજીમાં)

ભાવનગરના દીવાન રા. સામળદાસ પરમાનંદદાસ ૬૫ વર્ષની વયે ગએ સોમવારે પરલોક પામ્યા છે અને દીલગીરી ભરેલું છે કે ભાવનગરના રાજ્યે એક ઘણો કામેલ રાજકારભારી ગુમાવ્યો છે રા. સામળદાસ આજ ઘણો વખ્ત થયાં કેટલાક રોગથી પીડિત હતા તેમાં ગયા રવિવારના બપોરના એકાએક વધારો થઈ આવ્યો ને સોમવારે સાડાદશ કલાકે દેવલોક પામ્યા છે રા. ગૌરીશંકરે દીવાનપદ છોડયું તે પછી એમને કારભાર સોંપવામાં આવ્યો હતો અને જો કે એમના કારભાર સામા અમે ઘણું બોલ્યા છીએ કેમકે કેટલીક રાજ્યપ્રકરણી રીત અમને માન્ય નહોતી તોપણ એટલું તો કબુલ કરવું પડશે કે ભાવનગરમાં એમના અમલમાં પણ કેટલીક

સુધારો થયા છે અને હાલના વખતમાં ભાવનગરને એવો લાયક દીવાન મળવો મુશ્કેલ છે તેમણે સંસ્કૃત અભ્યાસ સારો કર્યો હતો અને ફારશી પણ સારૂં આવડતું હતું. બીજા રાજ્યકાજ કુશળ પ્રસિદ્ધ કાઠીયાવાડી નાગરોની પેઠે વેદાન્ત જેવા તત્વ જ્ઞાનનો વિષય પણ તેમને પરિચિત હતો. નાગરોમાંથી કોઈ તેવો હીરો ચળકી નીકળે એમ હમણાં તો જણાતું નથી તેથી આ ખોટ તુરતા તુરત પુરાશે નહિ. એમનાપર ઘણા હાલસાઓ પડ્યા હતા ને પક્ષોને લીધે ઘણાં વગોણાં થયાં હતાં તથાપિ એઓએ ભાવનગર પ્રત્યેની ભક્તિમાં ઊણું પડવા દીધું નથી. દીવાનના મરણથી દરબારને ઘણી દીલગીરી ઉપજી હતી ને તે દર્શાવવા એક જાહેરનામું સોમવારે પ્રગટ કરી દરબારે પોતાનો શોક દર્શાવ્યો છે.

ગુજરાતમિત્ર તા. ૩૧મી અગષ્ટ સને ૧૮૮૪

રા. રા. સામળદાસ પરમાનંદદાસનું શોક જનક મરણ.

ગઈ તા. ૨૫મીને સોમવારે ભાવનગરે એક કિમતી તેજસ્વી હીરો અને ગુજરાતે એક રત્ન ગુમાવ્યું છે. રા. રા. સામળદાસજી તે ભાવનગરના મુખ્યદીવાનના મૃત્યુ એ ભાવનગરના રાજ્યમાં અને બહાર જ્યાંજ્યાં તેમનું નામ અને કીર્તિ ફેલાયેલાં છે ત્યાંત્યાં સઘળે હાહાકાર વરતાવ્યો છે આ પ્રતાપી દીવાનના મૃત્યુની નોંધ લેતાં અમને અત્યંત દીલગીરી થાય છે ભાવનગરનું રાજ્ય દેશીરાજ્યોમાંના સૌથી સરસ. પેહેલા વર્ગના રાજ્યોમાંના એકનું માન ભોગવતું આવ્યું છે અને તે માનભરી શ્રેષ્ટતા મેળવવા તથા જાળવી રાખવા રા.રા. શામળદાસજીએ તથા તેમની આગળ પ્રધાનપદ ભોગવી ગયેલા પ્રધાનોને તેમજ ભાવનગરના શ્રીમંત ઠાકોર સાહેબને થોડી કાળજી અને થોડો નિમ કરવો પડ્યો નથી તેમાં પણ વળી રજવાડાની અને પોલીટીકાલ એજન્સીની ખટપટોથી હંમેશાં સાવધ રેહેવું તથા સઘળા રજવાડાઓને તેમજ એજન્સી તરફ નાના મોટા સઘળા અમલદારોનું એક સરખું ઉંચું માન તથા પ્રીતિ મેળવવી એ સેહેલું નથી.

૨૯. રા. સામળદાસનું કુટુંબ ઘણા વખતથી ભાવનગર દરબારનો ખાસ વિશ્વાસ મેળવતું આવ્યું છે એ કુટુંબમાના સઘળાઓ ભાવનગરની સેવા ખરી રાજ ભક્તિથી બજાવવાને માટે સારૂં નામ મેળવી ગયાછે અને ભાવનગર દરબારેપણ આ અતી કીંમતી સેવાની કુદર જાણવામાં કદી પાછળ પડયું નથી.

રા. રા. ગવરીશંકર ઉદેશંકર સી. આઇ. ઈ. વૃદ્ધઅવસ્થાને લીધે રીટાયર થયા પછી મરનાર દીવાનગીરી ઉપર આવ્યા હતા. અને મરનાર દીવાનના તીર્થરૂપ રા. રા. પરમાનંદદાસજીની પાછી રા. રા. ગવરીશંકરજી દીવાન થયા હતા આવી રીતે ભાવનગરની દીવાનગીરી રા. રા. ગવરીશંકરજી અને રા.રા. પરમાનંદદાસજીનાજ કુટુંબમાં રહેલી જોવામાં આવેછે. અને આ રાજદ્વારી પુરૂષોની કાબેલીયત કેટલીછે અને તેમના ઉપર ભાવનગર દરબારની કેટલો વિશ્વાસછે તે જણાઇ આવેછે મરનાર દીવાન એક સારા ઓધાથી શરૂવાત કરી રાજના લગભગ બધાં મુખ્ય ખાતાનો અનુભવ મેળવી દીવાનગીરીના મોટા અને જોખમ ભર્યા ઓધા ઉપર આવ્યા હતા એમણે ભાવનગરના ફોજદાર અને મેજીસ્ટ્રેટ તરીકે બહુ તરૂણવયથી (માત્ર ૨૩, ૨૪ વરસની વયથી) નોકરી શરૂ કીધી હતી પણ ત્યાર પેહેલાં અગર જો એમના માતપિતાનો એમની બાળવયમાં કાળ થયો હતો તો પણ એમણે પોતાના સમય અને કામને યોગ્ય સંસ્કૃત ફારસી, અને ગુજરાતીમાં સારી કેળવણી લીધી હતી તથા કાયદાનો લક્ષપૂર્વક અભ્યાસ કરી સારી નિપુણતા મેળવી હતી. મરનાર દીવાન સ્વપુરૂષાર્થી હતો. કારણ કે અગર જો એમના આબેના અને પાસેના સગાઓ રાજ્યમાં સારા સારા ઓધાઓ ઉપર હતા અને એક વખત તેઓના વગસગના કોઇ ગમે એવા ઓણા આવડતવાળા પુરૂષને રાજ્યને ખર્ચે વરતાવી દેવાને શકતીવાન હતા તો પણ રા. રા. સામળદાસજીએ દીવાન થયા પેહેલાં ફોજદાર તરીકે, સીમાડા અમલદારતરીકે, રાજદ્વારી ખાતા સંબંધી કામોમાં ભાવનગરના સર ન્યાયાધીશતરીકે, રાજદ્વારી મોટી બાબતોમાં રા.રા.

ગવરીશંકરભાઇના સલાહકારતરીકે અને જ્યુડીશીઅલ જોઇન્ટ એડમીનીસ્ટ્રેટર તરીકે જે અદ્ભુત શક્તિ અને કામેલાયત બતાવી તે ઉદ્યોગ, આગ્રહ, અને અભ્યાસ શિવાય મરનાર કદી મેળવી શકતે નહિ અને તે શિવાય તેવણ દીવાનપણુ થયા નહત એમના સઘળી મોટાઈ અને એમનું સઘળુ પુરૂષાર્થ આમાંજ હતુ એ કાંઇથોડું નથી.

સંવત ૧૯૨૨ થી સંવત ૧૯૨૯ સુધી મરનાર ભાવનગર સરન્યાયાધીશ હતા સંવત ૧૯૨૬ માં મરહુમ મહારાજા જશવંતસિંહજીનો કાળ થવાથી ભાવનગરના રાજ્યકારભારની વ્યવસ્થા કરવાની ગોઠવણ કરવા આગબોટ માર્ગે તેમને મુંબઈ જવાનું થયું હતું કે જે વખતે એક ભય ભરેલા અકસ્માતથી આગબોટ ભાગી ગઈ અને જીવ તાળવે ટાંગી મછવામાં બેશી દરીઓ વટાવવો પડેલો પાસેના ગામડામાં ઉતારો લેવો પડેલો અને આવી આવી અડચણો ભોગવી મુંબઈ આવી નામદાર ગવરનરસાહેબને મળી બધી ગોઠવણ કરી અને આજ વખતે મેહેરબાન પરસીવલ સાહેબ એમની સાથે આવ્યા હતા પાછળથી રા. રા. સામળદાસજીના જે સઘળા કામોથી મેરબાન પરસીવલસાહેબ બધી રીતે સંતોષ પામવા ઉપરાંત રા. રા. સામળદાસજીના ન્યાયના કામો વીશેની કાબેલીયતથી એટલાતો પ્રસન્ન થઈ ગયા કે તેમને જોઇન્ટજ્યુડીશીયલ એડમીનીસ્ટ્રેટર કરવા પોતાના રીપોર્ટમાં ભલામણ કરી જે બાહાલ રહી. સંવત ૧૯૩૪માં તેઓ દીવાન થયા દીવાનતરીકેની રા. રા. સામળદાસજીની કારકીર્દીમાં સૌથી મોટું અને અગત્યનું કામ ભાવનગર ગોંડલરેલવેનું થયું આ રેલવેથી રાજ્યને કેટલો ફાયદો થયો છે તે બતાવવાનો આ પ્રસંગ નથી. આ રેલવે શિવાય ભાવનગરના બીજા સરકારી અને જાહેર મકાનો જેવાં કે ન્યાયાધીશની કોરટો, હાઇસ્કુલ, સાકભાજીની એક ઘણી સરસ મારકીટ, પોસ્ટઓફીસ, ટેલીગ્રાફઓફીસ, જેલ, પરસીવલફાઉટન, ઇજનેરીઓફીસ, રેવીન્યુકમીશનરને અને બીજી ઓફીસો, ઘડીયાળનો બુરજ મહારાજાને રેહેવાનો મોતીબાગનો મેહેલ અને અશ્વશાળા બંધાવવામાં મરનાર દીવાનનો હાથ

હતો મરનારને મહારાજ સર તખ્તસિંહજીએ કીમતી રાજ શેવાને માટે રૂ૧૬૦૦૦ ની વારસીક ઉપજનું એક ગામ બક્ષ્યુંછે.

મરનાર દીવાન મહારાજાના કેટલા માનીતા હતા અને તે નામદારની તેમના ઉપર કેટલી પ્રીતિ અને ભરૂસો હતો તે તારીખ ૨૫ મી ઓગષ્ટના એકસ્ટ્રા ઓર્ડીનરી ભાવનગર દરબારી ગેઝીટમાં પ્રગટ થએલા ભાવનગર દરબારના સરકારી ઠરાવ જે અમને મળ્યો છે તે ઉપરથી જણાય છે.

આવા કાબેલ રાજ્યભક્ત, દરબારના માનીતા અને લોકોના વાહાલા અને ડાહ્યા દીવાન રા. રા. સામળદાસજી આ દુનિયામાંથી કુચ કરી ગયા છે ભાવનગરની પ્રજાથી પોતાનો શોક બતાવ્યા શિવાય કેમ રેહેવાય અને તેમજ આ રૂડા દીવાનની યાદગીરી કાયમ રાખવા ભાવનગર દરબાર અને પ્રજા કાંઈ પણ કર્યા વિના રહેશે નહિ. સામળભાઈ વારેવારે મળવાના નથી તેમના ખુબી તેમની સાથે ગઈ છે તોપણ આ ઘણે દરજ્જે સંતોષ ભરેલુંછે કે મરનારના બે સારા જીવીઓ રા. વીઠલભાઈ અને રા. લલુભાઈ પોતાના યશસ્વી પિતાની યોગ્યતા ધરાવે છે અને રા. વીઠલભાઈ હાલ જે ડેપ્યુટી દીવાનની જગા ઉપર છે તેને દરબાર કાયમ કરશે એવી પુરેપુરી આશા રખાય છે.

મૃત્યુ સામે મનુષ્યનું કાંઈજ ચાલતું નથી અને હવે આપણો જે છેલો ઉપાય રહ્યો છે તે માત્ર આ દુઃખી કુટંબને અને દરબારને દીલાસો આપવાનોછે અને મરનારના આત્માના મોક્ષને માટે પ્રભુ પ્રાર્થના કરવાનો છે.

રાસ્તગોફતાર તા. ૩૧ મી ઓગષ્ટ સને ૧૮૮૪
ડેથ ઓફધી દીવાન ઓફ ભાવનગર.

ભાવનગરના દીવાન આઝમ સામળદાસ પરમાનંદદાસના અકાળ મરણથી મોટો ખેદ ઉપજે છે તેમના મરણથી ભાવનગરને

એક મોટી ખોટ ગઈ છે અને કાઠીવાડી રાજ્યોએ પોતાના રાજ્ય વહીવટ માટેનો એક જીવતો દાખલો ખોયો છે. મી. શામળદાસ ભાવનગરના દરબારના જુના નોકર હતા અને તેથી એ રાજ્યનો તેમજ કાઠીયાવાડના રાજદ્વારી મામલાનો તેમને નાનપણથી અનુભવ હતો એવા એક અનુભવી દીવાનની સાબળાં રાજ્યોને બક્ષીસ થતી નથી એ ભાવનગરની હમણાં સુધી મગરૂરી હતી. આજમ શામળદાસ પોતાની હુશીયારી, કુનેહ અને કાબેલીયતને માટે જાણીતા હતા અને રાજ્યમાં પ્રથમ એક ફોજદાર અને પાછળથી રેવીન્યુ કમીશનરના હોદ્દા ઉપર દીવાનગીરી પામ્યા હતા તેમના પીતા પોતે પણ દીવાનજ હતા અને દીવાન પરમાનંદદાસની હયાતીબાદ મી. ગવરીશંકર ઉદેશંકર તેમની જગા ઉપર મુકરર થયા હતા મી. શામળદાસની ફતેહમાં મી. ગવરીશંકરનો ભાગ હતો તેમનાથી શામળદાસ ચડ્યા અને વધ્યા હતા શામળદાસની વયમાત્ર ૫૭ વરસની હતી અને તેઓને દીવાનગીરી સને ૧૮૭૯ ની સાલમાં મળી હતી એટલે ફક્ત પાંચવરસની મુદત સુધીજ એઓ પોતાનું આ મોટું પદ ભોગવવા પામ્યા હતા તેમની કારકીરદીની એ મુદતમાં ભાવનગર અને કાઠીયાવાડના સંબંધમાં કેટલાંક લોકોપયોગી કામો થયાં તેમાનું એક ભાવનગર ગોંડલ રેલવે છે. દીવાનની સેવાના ઈનામ દાખલ મહારાજા તખ્તસિંહજીએ રૂ. ૧૯૦૦૦ ની વાર્ષિક ઉપજનું જલાલપુર નામે ગામ તેમને બક્ષીસ આપ્યું હતું અને મી. શામળદાસ તરફ ભાવનગરના મહારાજાનો કેટલો બધો વિશ્વાસ હતો તે ગયે સોમવારે દરબાર તરફથી બહાર પાડવામાં આવેલા ઠરાવ ઉપરથી જણાય છે.

Mr. Samaldass Permananddas, the well-known and much respected Dewan of Bhavanager who had been ailing for some time past died suddenly this morning. By his death the State has sustained an irreparable loss and the sad occurrence is greatly deplored by His Highness the Maharaja and all classes of the community. His administrative abilities had won for him the entire confidence and approbation of the Maharaja as well as of all the Government officials who came in contact with him.

BOMBAY CHRONICAL.

THE LATE DEWAN OF BHAVANAGAR.

The Maharaja of Bhavanager and his subjects have verily suffered a great loss in consequence of the death of Dewan Samaldas Permanand-das. The deceased gentleman had greatly endeared himself in every respect in conjunction, with his predecessor or uncle Mr. Gowrishankar Oodeshanker C. S. I. to whom he deservedly succeeded in the high office of Dewan. The duties of this office he discharged with tact, skill and moderation, which won for him the esteem of his master and the regard of his subjects, who are now sincerely bewailing the sad loss.

Extraordinary Bombay Gazette.

Telegraphic intelligences. received in this country recently announces the death of Azam Samaldass Paramananddass, Dewan or minister of the Bhavnagur state in Bombay. The deceased succeeded to his high position at the invitation of the present enlightened ruler of the territory, His Highness Maharaja Takhtasingjee K. C. S. I.. about five years ago. He steadily pursued the progressive policy which had been prevailing in the state for some time previously.

Indeed, he himself had a prominent share in its inauguration; for from a very early period of his career, he had served, in its administration, in different capacities, and about 15 years ago, on the nomination of a Joint Administration during the Minority of the present chief, he was called upon to act in the Judicial and other departments of the state in co-operation, with the British member of the administration. Consequently, when the charge of affairs was transferred from the late Venerable Minister Mr. Gowreeshankar, C. S. I. to the deceased, he found himself especially fitted to foster and elaborate measures which were set on foot with a view to promote the well-being of the people and cultivate the resources of the state. The The result was that year after year the Government of Bombay, expressed their approbation of the management of affairs in Bhavnagar a com-

pliment which has as often been ratified by the Secretary of the state. Mr. Samaldass' death is an irreparable loss to the state, at the present especially; for the relations between his master and himself were marked by an extent of confidence and cordiality which is rare between the princes of India and their native *Ministers*, which moreover as the results in this case showed was justified and which it would not be easy to reproduce. The deceased besides being a clever, sagacious and moderate administrator had a reputation, for Persian and Sanskrit scholarship, and gave promise if he had not been thus cut-off prematurely, of securing a place before long among the most conspicuous Indian statesmen of modern times.

"THE TIMES" Tuesday September 9, 1884.

સમાપ્ત.

જાહેર ખબર.

આ પુસ્તક ભાવનગરમાં ઉદીચ્ય હિતેચ્છુ સભા પાસેથી રોકડી કિંમતે મળશે બહાર દેશાવરોથી મગાવનારાઓએ પોષ્ટને માટે અડધો આનો જાસ્તી મોકલવો નોટપેડ કાગળ લેવામાં આવશે નહિ.

(સહી) ભાવનગર ઉદીચ હીતેચ્છુ સભા.